GJBH010006332026

**IN THE COURT OF 2nd ADDITIONAL DISTRICT & SESSIONS JUDGE, AT BHARUCH**

ક્રિમી.પરચુ. અરજી નં. ૧૯૯ /૨૦૨૬

**આંક–**

**અરજદાર/આરોપી:–**

૧) રાહુલ અજીતભાઇ વસાવા.
ઉ.વ ૨૧ મજુરી, રહે.પાલેજ,તા.જી.ભરૂચ.

૨) કિરણ કાલીદાસ વસાવા.
ઉ.વ ૨૬ મજુરી, રહે.પાલેજ,તા.જી.ભરૂચ.

**વિરુધ્ધ**

**સામાવાળા:–** **સરકારશ્રી**

**બાબત:- ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.**

| |
|---|
| અરજદાર તરફે વિ.વ.શ્રી એ.એમ.વલવી.<br>સામાવાળા સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી એમ.જી.રાઠોડ |

**ORAL ORDER.**

(૧) હાલની અરજી અરજદારોએ, BNSS ની કલમ, ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટે કરેલ છે.

હાલના અરજદારો તથા અન્ય આરોપીઓ સામે પાલેજ પો.સ્ટે. ગુના રજી. નં.૧૧૧૯૯૦૩૯૨૬૦૧૦૪/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ-૩૩૧(૩), ૩૩૧(૪), ૩૦૫(એ), ૫૪, ૩૧૭(૨) મુજબના ગુન્હા નોંધાયેલ છે.

(૨) અરજી દાખલ થતા સામાપક્ષને અદાલતે નોટીસ કરેલ છે જે મુદતે વિ.એ.પી.પી.શ્રી હાજર રહેલ છે અને અરજદારો તરફે વિ.વ.શ્રી હાજર રહેલ છે. અરજદારના વિ.વ.શ્રીની તથા સામાવાળા તરફે વિ. સરકારી વકીલશ્રીની દલીલો સાંભળી. અરજદારો તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા, તપાસના કાગળો તથા તપાસ કરનાર અમલદારનું એફીડેવીટ વંચાણે લીધા.

**અરજદારના વિ.વકીલશ્રીની રજુઆત .................**

(૩) આ અદાલતે બંને પક્ષોની રજુઆત લક્ષે લીધેલ છે. અરજદારોના વિ.વકીલશ્રીની મુખ્યત્વે રજુઆત તેમની જામીન અરજી મુજબની છે તે ઉપરાંત તેઓની વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે અને સદર ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે. અરજદારએ કહેવાતો આવો કોઇ ગુનો કરેલ નથી તેના વિરુધ્ધ પ્રાથમિક દ્રષ્ટિએ કોઈ કેસ બનતો નથી, જે

આક્ષેપ છે તે સહઆરોપીના નિવેદન ઉપર આધારીત છે. તેમનું ફરીયાદમાં કોઇ નામ ન હોય અને કોઈ ચોરી કરેલ ન હોય. સદર અરજદારો પાસેથી કોઈ મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ નથી. આ કામ ના અન્ય આરોપીઓ ની જામીન અરજી આ અદાલતે નામંજુર કરેલ પરંતુ હાલના આરોપી નો આ કામે કોઇ રોલ નથી, આ કામે મહદઅંશે તપાસ પુર્ણ થઇ ગયેલ છે અને તમામ મુદ્દામાલ જપ્ત થઈ ગયેલ છે. વધુમાં અરજદાર/આરોપીઓ પાલેજ, ભરૂચના સ્થાયી વતની હોય, નાસી ભાગી જાય તેવા ઈસમ નથી તેમજ અરજદાર/આરોપીઓનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. જેથી અરજદાર/આરોપીઓને જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

**વિ.એ.પી.પી.શ્રીની રજુઆત.........................**

(૪) વિ.એ.પી.પી.શ્રીની મુખ્યત્વે રજુઆત આ કામે તપાસ અધિકારીએ રજુ રાખેલ સોગંધ નામાને આધારિત છે. તેઓ મુખ્યત્વે જણાવે છે કે, આ કામના સહઆરોપીઓ દ્વારા રજૂ થયલે ક્રિ.પ.અ.નં.૧૫૫/૨૦૨૬, ક્રિ.પ.અ.નં.૧૫૬/૨૦૨૬, ક્રિ.પ.અ.નં.૧૫૦/૨૦૨૬ અને ક્રિ.પ.અ.નં.૧૪૪/૨૦૨૬ આ અદાલતે ગુણદોષ પર નામંજુર કરેલ છે. હાલના અરજદારો પણ સહઆરોપીઓ, તેમના મિત્રો સાથે અગાઉથી પ્લાન કરી કંપનીમાં પ્લેટો ચોરી કરેલ તે પ્લેટો છકડામાં ભરી ભંગારવાળાને એટલે કે સહઆરોપી આરોપી પુષ્પેન્દ્ર રમેશચંદ્ર અગ્રવાલ સાજીદ રહીમ ને વેચેલ છે, અને પૈસાના ભાગ પાડેલ છે અને તે રીતે તમામ આરોપીઓએ ભેગા થઈ એકબીજાની મદદગારી ચોરીનો ગુનો કરેલ છે, હાલ ગુનાની તપાસ ચાલુ છે, અમુક મુદ્દામાલ રીકવર કરવાનો બાકી છે. આરોપી નાસી જાય તેવા છે, આ પ્રકાર ના ગુના કરે તેમ છે, અને હાલ આ કામની તપાસ હજી ચાલુ છે, અન્ય આરોપીઓ ની શોધ ખોળ ચાલુ છે, જે તમામ હકીકતો લક્ષે રાખી આ તબક્કે જામીન અરજી નામંજુર કરવા રજુઆત છે.

**અદાલતનો અવલોકન .............**

(૫) આ અદાલતે બન્ને તમામ પક્ષો ને સાંભળેલ છે, રેકર્ડ લક્ષે લીધેલ છે. આ કામે રેકર્ડ લક્ષે લેતા, હાલના અરજદારો ઉપરાંથ અન્ય સહઆરોપીઓ કુલ ૬ આરોપીઓ, સ્ટીલકો ગુજરાત લિમીટેડ કંપની ની કંપાઉન્ડ વોલ કુદી, પતરાના જર્જરીત શેડ નો ભાગ તોડી ત્યા પ્રવેશ કરી ૧૨૦ ઝીખ બોટમ ડ્રોસ રૂ.૪,૫૦,૦૦૦- ની કીમત ની ચોરી કરેલ છે, અને તે વેચાણ કરવા અંકલેશ્વર ગયેલ અને હાલના અરજદારો વખતે કંપનીમાં ચોરી કરેલ ઝીંક બોટમ ડ્રોસની પ્લેટો વેચાણ કરવા ગયેલ ત્યારે ચોરી ના મુદ્દામાલ સાથે પકડાયેલ નુ રેકર્ડ પર થી જણાય છે.

(૬) આ કામે જે પ્લેટો આરોપીઓ દ્વારા વેચવામા આવેલ તે સહઆરોપી, પુષ્પેન્દ્ર રમેશચંદ્ર અગ્રવાલ પાસેથી, ચોરી ના મુદા્માલના કુલ રૂા.૨,૫૦,૦૦૦/- રીકવર કરવામાં આવેલ છે, આરોપી સાજીદ રહીમ મલેક પાસે તી કે જણે પ્લેટો ખરીદેલ, તે ચોરી ના મુદ્દામાલના કુલ રૂા.૧૦,૦૦૦/- રીકવર કરવામાં આવેલ છે.

(૭) આ કામના સહઆરોપીઓની ક્રિ.પ.અ.નં.૧૫૫/૨૦૨૬, ક્રિ.પ.અ.નં.૧૫૬/૨૦૨૬, ક્રિ.પ.અ.નં.૧૫૦/૨૦૨૬ અને ક્રિ.પ.અ.નં.૧૪૪/૨૦૨૬ આ અદાલતે ગુણદોષ પર નામંજુર કરેલ છે. આ કામે તપાસ ચાલુ છે, ચોરીમાં ગયેલ મુદા્માલ કિં.રૂા.૪,૫૦,૦૦૦/- પૈકી કી. રૂા.૨,૬૦,૦૦૦/- તેમજ ૨૩ ઝીંક બોટમ ડ્રોસની પ્લેટો રીકવર કરવામાં આવેલ છે તે સિવાયનો અન્ય મુદા્માલ રીકવર કરવાનો બાકી છે હાલના આરોપીઓ વિરૂધ્ધ પ્રાઇમાફેસી કેસ આ તબકકે જણાય છે, જેથી આરોપીઓ ને આ તબક્કે જામીન પર મુકત કરવા ન્યાયોચિત જણાતુ ન હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

# <u>હુકમ</u>

(૧) અરજદાર–આરોપીઓ ની હાલની આ અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.૨૫ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Date.25/03/2026.
Place: Bharuch.
EMS

**EJAZ MOHSINALI SHAIKH**
(Judge Code No.GJ00627)
2nd, Additional Sessions Judge
at Bharuch.